eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 64

11 August, 2006

## સુરત મહાનગરપાલિકા દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી



તા. ૧લી થી ૭મી ઓગસ્ટ ૨૦૦૬ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ મારફતે " વિશ્વ સ્તનપાન સપ્તાહ " ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત વિશ્વ આરોગ્ય સંસ્થાએ વર્ષ ૨૦૦૬નું ઘોષિત કરેલ સુત્ર " The IMS Act: Making it known to People " એટલે કે " ઈન્ફન્ટ મિલ્ક સબ્સ્ટીટયુટનો ધારો લોકોને જણાવીએ " કે જેમાં નવજાત શીશુને છ માસ સુધી ફકત અને ફકત માતાનું ધાવણ જ આપવાનો નિર્ધાર તમામ ધાત્રી માતાઓ અને સગર્ભા માતાઓને મહત્તમ જાણકારી આપવામાં આવે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા દેશ–વિદેશના કલાત્મક ધ્વજોનું પ્રદર્શન

સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સ.વ.પટેલ મ્યુઝિયમ ધ્વારા તૈયાર કરવામાં આવેલ ભારત દેશ અને વિદેશના કલાત્મક ધ્વજોનું પ્રદર્શન આજ રોજ મા. મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણી ધ્વારા સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા ખાતે ખુલ્લું મુકવામાં આવ્યું.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા બાળતરણ સ્પર્ધા




હરિઓમ આશ્રમ પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા તા. ૬–૮–૨૦૦૬ના રોજ રૂસ્તમપુરા તરણકુંડ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના છોકરાઓમાં દત્તકુમાર આર. ટંડેલ અને છોકરીઓમાં કવીન સરકાર, ૧૧ થી ૧૩ વર્ષના છોકરાઓમાં મિસ્ત્રી જીગર મનિષભાઈ અને છોકરીઓમાં નેહા હેમંતભાઈ નાયક તથા ૧૩ થી ૧૬ વર્ષના છોકરાઓમાં પટેલ જયકુમાર ડી. અને છોકરીઓમાં પૂજા એન. ચૌક્ષિષી પ્રથમ વિજેતા બન્યા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી

તા. ૧લી થી ૭મી ઓગસ્ટ ૨૦૦૬ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ મારફતે " વિશ્વ સ્તનપાન સપ્તાહ " ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત વિશ્વ આરોગ્ય સંસ્થાએ વર્ષ ૨૦૦૬નું ઘોષિત કરેલ સુત્ર " The IMS Act: Making it known to People " એટલે કે " ઈન્ફન્ટ મિલ્ક સબ્સ્ટીટયુટનો ધારો લોકોને જણાવીએ " કે જેમાં નવજાત શીશુને છ માસ સુધી ફકત અને ફકત માતાનું ધાવણ જ આપવાનો નિર્ધાર તમામ ધાત્રી માતાઓ અને સગર્ભા માતાઓને મહત્તમ જાણકારી આપવામાં આવે.



શહેરના ગરીબ રેખા નીચે જીવતા લોકો માટે ચાલતી મહાનગરપાલિકા સંચાલિત ૩૧૬ આંગણવાડીના ૦ થી ૧ વર્ષના લાભાર્થી બાળકોની " બાળ તંદુરસ્ત હરીફાઈ " નું તા. ૩૧ જુલાઈ અને ૧લી ઓગસ્ટના દિને આરોગ્ય કેન્દ્રો ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૫૬૯ બાળકોએ ભાગ લીધેલ હતો. જે પૈકી વિજેતા બનેલ પ્રથમ, દ્વિતિય, તૃતિય અને બે આશ્વાસન ઈનામો એમ કુલ ૩૦ ઈનામોની વહેંચણી ડે.કમિશ્નરશ્રી (હે. અને હો.) ડો. આઈ.સી.પટેલ અને આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંતભાઈ દેસાઈના વરદ હસ્તે સુરતની લાયન્સ કલબ–૩૨૩ ના ડીસ્ટ્રીકટ ગવર્નર ડો. મુકુલ શેઠની હાજરીમાં કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શહેરની સાત જેટલી વિવિધ લાયન્સ કલબોના પ્રતિનિધિઓએ હેલ્થ સેન્ટર દિઠ હાજરી આપી હતી. ઈન્ડિયન એસોસીએશન ઓફ પીડીયાટ્રીકના ગુજરાત રાજયના પ્રમુખ ડો. દિગંતભાઈ શાસ્ત્રી અને સુરત શહેરના પ્રમુખ ડો. કેતન ભરડવા ઉપરાંત મહાનગરપાલિકા સંચાલિત હેલ્થ સેન્ટરના ઓનરરી પીડીયાટ્રીશયનો, મેડીકલ ઓફિસરો અને નિષ્ણાંત તરીકે ડો. વિજયભાઈ શાહે સેવા બજાવી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા દેશ–વિદેશના કલાત્મક ધ્વજોનું પ્રદર્શન

સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સ.વ.પટેલ મ્યુઝિયમ ધ્વારા તૈયાર કરવામાં આવેલ ભારત દેશ અને વિદેશના કલાત્મક ધ્વજોનું પ્રદર્શન આજ રોજ મા. મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણી ધ્વારા સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા ખાતે ખુલ્લું મુકવામાં આવ્યું. આ પ્રસંગે ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, મા. કમિશ્નરશ્રી પંકજ જોષી, મહાનગરપાલિકાના વિભાગીય વડાશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ અને નાગરિકો તથા ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.



આ પ્રદર્શનમાં વિવિધ દેશોના મૂળ ધ્વજો તેમજ વિવિધ દેશોના ભૌગોલિક સ્થાન દર્શાવતા નકશા, વિસ્તાર, વસ્તી, ચલણ, ભાષા, ધર્મ વિગેરે માહિતી તેમજ આપણાં ભારત દેશના રાષ્ટ્રીય પ્રતિકો પ્રદર્શિત કરવામાં આવેલ છે. સુરત શહેર તથા આજુબાજુના વિસ્તારની શાળાઓના બાળકોને આ પ્રદર્શન જોવાનો લાભ મળે એ હેતુથી પ્રદર્શન તા. ૫–૮–૨૦૦૬ થી તા. ૨૦–૮–૨૦૦૬ સુધી સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા ખાતે ખુલ્લું મૂકવામાં આવેલ છે. જાહેર જનતાએ આ પ્રદર્શનનો લાભ લેવા વિનંતી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા બાળતરણ સ્પર્ધા

હરિઓમ આશ્રમ પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા તા. ૬–૮–૨૦૦૬ના રોજ રૂસ્તમપુરા તરણકુંડ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના છોકરાઓમાં દત્તકુમાર આર. ટંડેલ અને છોકરીઓમાં કવીન સરકાર, ૧૧ થી ૧૩ વર્ષના છોકરાઓમાં મિસ્ત્રી જીગર મનિષભાઈ અને છોકરીઓમાં નેહા હેમંતભાઈ નાયક તથા ૧૩ થી ૧૬ વર્ષના છોકરાઓમાં પટેલ જયકુમાર ડી. અને છોકરીઓમાં પૂજા એન. ચૌત્રિષી પ્રથમ વિજેતા બન્યા હતા. જેમાં છ વિભાગ મળી કુલ ૧૭૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તરણ સ્પર્ધા શુભારંભ ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા અને શ્રી ચીમનલાલ લાપસીવાલા એ કરાવ્યો હતો. મ્યુ. સદસ્યશ્રીઓએ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. વિજેતા સ્પર્ધકોને મા. મેયરશ્રી, ડો. કનુભાઈ માવાણી, શ્રી ચીમનલાલ લાપસીવાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, પાણી સમિતિના ચેરમેનશ્રી અનિલભાઈ ગોપલાણી ધ્વારા ઈનામ, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.





ઉપરોકત સ્પર્ધામાં મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારી/કર્મચારીઓ, શિક્ષકો, વાલીઓ હાજર રહયા હતા. સ્પર્ધાના રેફરી તરીકે સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરોએ માનદ સેવા આપી હતી.

TOP